# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com


રેફ નં. તા: ૨૮–૦૮ – ૨૦૧૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.
લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## 'કેપિટલ માર્કેટ–લેસન્સ ફ્રોમ ગ્રેટ ઈન્વેસ્ટર્સ' વિશે ચેમ્બરમાં રસપ્રદ સેમિનાર યોજાયો

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ના ઉપક્રમે કેપિટલ માર્કેટ વિશે એક રસપ્રદ સેમિનાર શનિવાર,તા.૨૮/૦૮/૧૦ના રોજ બપોરે ૦૨.૩૦ કલાકે સમૃધ્ધિ,નાનપુરામાં યોજાયો હતો. આ સેમિનારના આરંભે ચેમ્બર પ્રમુખ ડો.અજોય ભટ્ટાચાર્યએ આમંત્રિતોનું સ્વાગત કરતાં પોતાના વકતવ્યમાં કહયું હતું કે,ચેમ્બરની ભુમિકા મુખ્યત્વે તો ઉદ્યોગ અને વ્યાપારના પ્રશ્નો વિશે યોગ્ય સ્તરે રજૂઆતો કરવાનું છે એ ઉપરાંત એમાં ઉપયોગી બાબતોને પ્રોત્સાહન આપવાનું છે. ચેમ્બરમાં પણ કેપિટલ માર્કેટ કમિટી છે જે એને લગતા કાર્યક્રમોનું આયોજન કરે છે. તેમણે આ વિષયમાં ઓપનહાઉસ યોજવાની ભલામણ પણ કરી હતી.તેમણે કહયું હતું કે,આજના વકતાઓ શેર બજારના રોકાણકારોને જે જાણકારી આપવાના છે એ તેમને ઉપયોગી નિવડશે.

ગૃપ ચેરમેનશ્રી હેમંતભાઈ દેસાઈએ આજના વિષયની પૂર્વભુમિકા રજૂ કરતા કહયું હતું કે, શેરબજારમાં રોકાણકારોએ કઈ બાબતોનું ઘ્યાન બાખવું જોઈએ એ ને માટે સફળ રોકાણકારોના અનુભવમાંથી બોધ લેવો જોઈએ.એ કઈ રીતે લઈ શકાય એની જાણકારી માટે જ આજના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે.આજના અભ્યાસુ અને અનુભવી વકતાઓ શ્રી અમિત ત્રિવેદી અને શ્રી અભિલાષ મિશ્રા એ વિશે વિસ્તારથી પ્રકાશ પાડશે.

આજના સેમિનારના પ્રાયોજક ભારતી એકઝાનાશ્રી અભિલાષ મિશ્રાએ પોતાના વકતવ્યમાં કહયું હતું કે,રોકાણકારોને સાચી અને યોગ્ય જાણકારી અપાય એ જરૂરી છે અને ચેમ્બરનો આ પ્રયાસ ખરેખર બિરદાવવા જેવો છે.તેમણે વૈશ્વિક બજારોમાં શું ચાલી રહયું છે એ વિશે જાણકારી આપતું પ્રેઝન્ટેશન પણ રજૂ કર્યું  હતું.

આજના સેમિનારના  મુખ્ય વકતા અને કર્મયોગ નોલેજ એકેડમીના મેનેજીંગ ડીરેકટર શ્રી અમિત ત્રિવેદીએ  વિશ્વના મહાન રોકાણકારો બેન્જામિન ગ્રાહમ,વોરેન બફેટ,પિટર લિંચ અને સર જોન ટેમ્પલ્ટન જેવા સફળ ઈન્વેસ્ટર્સના રોકાણ અંગેના સિધ્ધાંતો અને વ્યૂહરચનાની સફળતાનું રહસ્ય શું છે એ વિશે  વિસ્તૃત જાણકારી આપાતં કહયુ હતું કે,શેરબજારના રોકાણકારો અને કેપિટલ માર્કેટ સાથે સંકળાયેલા તમામે એક વાતનું હંમેશા ઘ્યાન રાખવાનું રહે છે કે અહીં જે કોઈ નિર્ણયો લેવાના હોય છે એ લાગણીમાં તણાઈને લેવાવા ન જોઈએ.તેમણે વિશ્વના ચાર સફળ રોકાણકારોના ઉદાહરણો આપીને વિસ્તારથી સમજાવ્યું હતું કે એ દરેકની ચોકકસ રણનીતિ હતી અને એ મૂજબ તેમણે આગળ વધવાનું જારી રાખ્યું હતું.બેન્જામિન ગ્રેહામે તેમના પુસ્તકમાં શેરબજારને મિ.માર્કેટ નામનું પાત્ર ગણાવ્યું છે જે રોજેરોજ તમારી સામે આવીને તમને નવીનવી ઓફરો આપે છે. તમે એમાંથી કેટલી સ્વીકારો છો એના પર આધાર હોય છે.તેમણે બજારના સેન્ટીમેન્ટથી અળગા રહેવાની સલાહ પણ તેમણે આપી હતી.જોન ટેમ્પલ્ટને પણ કહયું હતું કે,બજાર ઉપર હંમેશા લાગણીનો પ્રભાવ રહે છે એ પ્રભાવથી દૂર  રહેનારા જ બજારમાં ફાવી શકે છે.જોન ટેમ્પલ્ટને એ સમયે અમેરિકાથી બહાર રોકાણો કર્યા હતાં જયારે કોઈ એ દિશામાં વિચકરતું પણ નહોતું.એમણે ખર્ચ ઘટાડવા ઉપર પણ ભાર મુકયો હતો.રોકાણકારોને ડાઈવર્સિફાઈડ પોર્ટફોસલયો બનાવવાની સલાહ પણ આપી હતી.પીટર લિન્ચ અને વોરેન બફેટ વિશે પણ તેમણે રસપ્રદ જાણકારી આપી તેમના અનુભવો પરથી રોકાણકારોએ શું બોધ લેવો જોઈએ તેના પર પ્રકાશ પાડયો હતો.

ગૃપ ચેરમેનશ્રી હેમંતભાઈ દેસાઈએ આભાવિધિ આટોપી હતી.